## MSUની વેબસાઈટ પર ૭૦૨૭ વિદ્યાર્થીઓની યાદી મૂકાઈ

# ગુરુવારથી કોમર્સ ફેકલ્ટીમાં F.Y.Bcomના ક્લાસનો પ્રારંભ

## ૧૦મીએ બપોરે ૩ વાગ્યાનો ક્લાસ, બે દિવસ ઓરિએન્ટેશન

। વડોદરા ।

એમ.એસ.યુનિ.માં કોમર્સ ફેકલ્ટી દ્વારા ૧૦મીએ ગુરૂવારથી F.Y.Bcomના ક્લાસનો પ્રારંભ થશે. આજે મંગળવારે જાહેર રજાના દિવસે MSUની વેબસાઈટ પર એડમિશન મેળવનાર ૭,૦૨૭ વિદ્યાર્થીઓના નામ સહિતની યાદી મુકાઈ હતી.

એમ.એસ.યુનિ.ની કોમર્સ ફેકલ્ટીમાં એફ. વાય.બીકોમમાં કુલ ૭,૦૨૭ વિદ્યાર્થીઓને એડમિશન મળ્યાં હતાં. મેઈન બિલ્ડિંગ, યુનિટ, ગર્લ્સ અને પાદરા કોલેજ ખાતે વિદ્યાર્થીઓને એડમિશન મળ્યાં છે. આજે જાહેર રજાના દિવસે સાંજના સમયે એમ.એસ.યુનિ.ની વેબસાઈટ પર એડમિશન મેળવનાર ૭,૦૨૭ વિદ્યાર્થીઓના નામ સહિતની યાદી મુકાઈ હતી. મેઈન બિલ્ડિંગમાં ૨૨૯૦, યુનિટ બિલ્ડિંગમાં ૧૯૯૪, પાદરાની એમ.કે. અમિન કોલેજમાં ૧૫૦૩ વિદ્યાર્થીઓ અને ગર્લ્સ કોલેજમાં ૧૨૪૦ વિદ્યાર્થિનીઓનો અભ્યાસ ગુરૂવારે ૧૦મી નવેમ્બરે શરૂ થશે. ગુરૂવારે બપોરે ત્રણ વાગે એફ. વાય.બીકોમના ક્લાસ શરૂ થશે. ફેકલ્ટી દ્વારા નવા વિદ્યાર્થીઓ માટે બે દિવસ ઓરિએન્ટેશન રાખવામાં આવ્યું છે. બીજી તરફ, એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓનું વેબસાઈટ પર નામ ના હોય તેવા કિસ્સામાં સંબંધિત વિદ્યાર્થી કોમર્સ ફેકલ્ટીનો સંપર્ક કરી શકે છે.

### આજે વેબસાઇટ પર F.Y.નું ટાઇમ ટેબલ જાહેર થશે

એમ.એસ.યુનિ.ની વેબસાઇટ પર મંગળવારે વિદ્યાર્થીઓની યાદી મુકાઇ તેમ આવતીકાલે બુધવારે એફ.વાય. બીકોમના અભ્યાસક્રમનું ટાઇમ ટેબલ મુકાશે. નવા વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ સમયસર પુરો કરવા માટે કોમર્સ ફેકલ્ટી દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.